ISSUE - 8
YEAR - 10

MARCH - 2023
ISSN - 2321-7073

# RESEARCH MATRIX

AN INTERNATIONAL DOUBLE BLIND PEER REVIEWED
& REFEREED MULTIDISCIPLINARY JOURNAL
OF APPLIED RESEARCH

Organized by:

Smt. R. D. Gardi Bhavnagar Stree Kelvani Mandal Managed
SMT. N.C. GANDHI AND SMT. B.V. GANDHI MAHILA
ARTS & COMMERCE COLLEGE, BHAVNAGAR.

| SR.NO. | TITLE & AUTHOR | PAGE NO. |
|---|---|---|
| 11 | ROLE OF COMMERCE AND MANAGEMENT IN DEVELOPMENT OF INDIA<br>DAVE JASMINE BHADRESHBHAI | 59 TO 62 |
| 12 | મેડમભીખાજીકામા રાષ્ટ્રીય નેતા સાથેના સબંધો<br>ડો. ધર્મેન્દ્રસિંહ વી.ગોહિલ | 63 TO 65 |
| 13 | સોશ્યલ મીડિયાની રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા ઉપર અસર<br>આર. સી. વકણી | 66 TO 69 |
| 14 | મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના:<br>સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ ૧ (SDG 1) ને પરિપૂર્ણ કરવાનો એક ઉત્કૃષ્ટ પ્રયાસ<br>દામોદરા રીટા જી. | 70 TO 73 |
| 15 | महाराजा भोज की शासन व्यवस्थाकी वर्तमान उपादयता<br>GOHIL SHAKTISINH AJITSINH | 74 TO 76 |
| 16 | રમતવીર મહિલાઓના માનસિક સ્વાસ્થ્યનો અભ્યાસ<br>શ્રદ્ધા એન. મોરડીયા | 77 TO 80 |
| 17 | A STUDY OF ESSENTIAL ISSUES IN FORENSIC ACCOUNTING AND AUDITING ASAN EMERGING TREND IN ACCOUNTING<br>RANA ARTIBA VIJAYSINH | 81 TO 87 |
| 18 | PSYCHOLOGICAL WELL-BEING OF SCHOOL STUDENTS<br>DR. BINA J. MAKVANA | 88 TO 90 |
| 19 | ગુજરાતમાં સ્થળાંતરની સમસ્યા<br>ગીતાબેન કે. રાઠવા | 91 TO 94 |
| 20 | भारत में लैंगिक असमानता और लैंगिक न्याय: एक सामाजिक नारीवादी परिप्रेक्ष्य<br>डॉ. हिरेन आर चावडा | 95 TO 102 |
| 21 | અસંગઠિત ક્ષેત્રમાં મહિલા શ્રમિકોની સ્થિતિ સમાજશાસ્ત્રીય અભ્યાસ<br>CHAVADA DAXA RAMBHAI | 103 TO 107 |
| 22 | વૈચારિક સક્ષમતા દાખવતી નારીઓ ('આ ઘેર પેલે ઘેર' અને 'બાંધણી'વાર્તા સંદર્ભે)<br>ડૉ. કિરણ ખેની | 108 TO 110 |
| 23 | TRADE TRANSPORT & ENVIRONMENTAL ISSUE<br>KOMAL B. DAMBHALA<br>DR.S.G.PUROHIT | 111 TO 115 |
| 24 | REQUIREMENT TO APPLICATION OF ENVIRONMENTAL ACCOUNTING IN INDIAN BUSINESS ENTITY | 116 TO 121 |

RESEARCH MATRIX :2321-7073
Peer Reviewed & Refereed | International Multidisciplinary journal of applied research

# વૈચારિક સક્ષમતા દાખવતી નારીઓ ('આ ઘેર પેલે ઘેર' અને 'બાંધણી'વાર્તા સંદર્ભે)

ડૉ. કિરણ ખેની
આસિસ્ટન્ટ પ્રોફેસર,મહારાણી શ્રી નંદકુંવરબા મહિલા આર્ટ્સ & કોમર્સ કોલેજ,નીલમબાગ
એમ.કે.ભાવનગર યુનિવર્સિટી,ભાવનગર

સમાજમાં કોઈ પણ પરિવર્તન વૈચારિક ભૂમિકાએ પહેલાં થતું હોય છે અને પછી તે સમાજમા અમલ બનતું હોય છે.આ સમગ્ર પ્રક્રિયા ઘણો સમય માંગી લે છે.સાથે સાથે જે પરિવર્તન લાવવાનું હોય તે અને જે લાવે તેને પણ ઘણું સહન કરવું પડતું હોય છે.આવી જ એક બાબત એટલે સમાજમાં સ્ત્રીની સ્થિતિની.સ્ત્રીની સમાનતા,અધિકારો વિશે ઘણું લખાયું છે પણ સ્ત્રી પોતે જ પોતાના અધિકારો અને પોતાના હક માટે લડતી હોય તેવું ભાગ્યેજ બનતું હોય છે.ગુજરાતી સાહિત્યમાં નાયિકાની આ બાબતની મુંઝવણ સાથેની ઘણી કૃતિઓ મળે છે જેમાં પ્રથમ તે વૈચારિક ભૂમિકાએ સંઘર્ષ અનુભવે છે અને પછી સકારાત્મક રીતે જે-તે વિચારને અમલમાં મૂકતા પણ તે અચકાતી નથી.તેમનુ આ પ્રકારનું પગલું બીજી અનેક સ્ત્રી માટે પ્રેરણારૂપ બની રહે છે.એવી જ બે વાર્તાઓ વિશે અહી વાત કરવી છે જેમાં પહેલી વાર્તા છે 'આ ઘેર પેલે ઘેર' અને બીજી છે 'બાંધણી'.

**'આ ઘેર પેલે ઘેર'-જયંતિ દલાલ**

'આ ઘેર પેલે ઘેર'વાર્તા ગાંધીયુગ અને અનુગાંધીયુગનાં સર્જક જયંતિ દલાલની છે.જેમણે નાટકો,વાર્તાઓ,નવલકથાઓ,અનુવાદો જેવાં વિવિધ ક્ષેત્રે પ્રદાન કરેલું છે.તો એવા સર્જકની આ વાર્તાનું સૌ પ્રથમ કથાવસ્તુ જોઈએ : વાર્તા વર્તમાન ભૂતકાળની રીતીએ ચાલે છે.વાર્તાની નાયિકા સવિતા દાળનો વઘાર કરતી હોય છે ત્યાં તેના હાથમાંથી વાટકી છટકી જાય છે.વાટકીનો અવાજ તેને જૂની યાદોમાં લઇ જાય છે.જેમાં પુલિન સાથે તેને પ્રેમ થયેલો અને બંનેએ માતા પિતાની વિરુદ્ધ લગ્ન કરેલા.પુલીન સવિતાને ભરપુર સુખ આપે છે અને બે વર્ષને અંતે વિક્રમ નામે પુત્ર પણ થાય છે સવિતા અને પુલિને જીવનને સારી રીતે,કશી ખોટ વિના બાર-બાર વર્ષ માણ્યું હતુ અને બાર વર્ષના અંતે તેમના જીવનમાં ગ્રહણ લાગે છે.પુલિન કોઈ મનીષા નામની બીજી સ્ત્રીને ચાહતો હોઈ છે અને તે એની સાથે હવે રહેવા ઈચ્છતો હોય છે.પુલિન સવિતાને ઘર,પૈસા,મિલકત બધું આપે છે પણ તેનો સહવાસ તેનાથી છૂટી જાય છે અને એવામાં પોતાનો પીંડ એવો વિક્રમ પણ 'આ ઘેર'(મા પાસે આવી શકાય એ માટે) 'પેલે ઘેર'(બંને ઘરે જઈ શકાઈ તે માટે)નવી મા સાથે રહેવા જવાનો નિર્ણય લે છે.આથી સવિતા ભાંગી પડે છે ત્યારે સવિતાની અંતરાત્મા સમાન બીજી સવિતા તેની સાથે વાત કરે છે જેમાં પુલિનને નફફટ,બેશરમ,લબાડ કહેવા વાળી સવિતા હજુ પણ તન-મનથી પુલિનને પહેલાની માફક જ ચાહે છે અને પાછો આવે તો તેની સાથે ફરી રહેવા પણ એ તૈયાર છે.ત્યાં જ એ બોલે છે : 'પણ મને તરછોડવાનો....'સવિતા હજુ તેની બાપડી,બિચારી,નિરાધાર બનવાનો માર્ગ શોધે છે અને અંતરાત્મારૂપી સવિતાની આ વાત તેનામાં જુદી જ શક્તિનો સંચાર કરે છે અને તેને એક મક્કમ નિર્ણય લેવામાં મદદ કરે છે એ નિર્ણય છે પુલિનનું સર્વસ્વ તેને પરત આપી દઈને પોતે પોતાની કિંમત લગાવે એવી સ્થિતિમાંથી પોતાને ઉગારી લે ત્યાં વાર્તા પૂર્ણ થાય છે.

આ વાર્તામાં સવિતાની સ્થિતિ એ કોઈ પણ સ્ત્રી સાથે બનેલી ઘટના જ છે તેમાં કશું નાવીન્ય નથી.આવી પરિસ્થિતિમાં સ્ત્રી પતિ દ્વારા જે ઘર,માલમિલકત મળે તેમાં પોતાની આગળનું જીવન વ્યતીત કરવું એવી પોતાની નિયતિ માની લે છે ત્યારે અહી સવિતાનો અંતિમ નિર્ણય કે જે પોતાની જાતની પુલિન પાસેથી માલ મિલકત લઈને કિંમત ઉપજાવવા માંગતી નથી.એ કહે છે....

'...કોઈ પણ દયા પર જીવવાનું મને પસંદ નથી.હાથપગ ચાલે છે.અને નહિ ચાલતા હોય ત્યારે જિંદગીનો અંત રોકનાર પણ કોણ છે?'('શતરૂપા' સંપા.શરીફા વીજળીવાળા,પૃ.૯૩)

સવિતાનું આ વાક્ય તેના સબળ પાસાને રજુ કરે છે તેની જગ્યાએ અન્ય કોઈ સ્ત્રી હોત તો રડી કકળી જે પરિસ્થતિ ઊભી થઈ છે તેનો સ્વીકાર કરી,સહન કરી તેમાં જ પોતાની આગળનું જીવન ખપાવી દેત પણ અહીં સવિતા એવી સ્ત્રી બનવાને બદલે પોતાના જીવનને એક નવો વળાંક આપવા માટે તૈયાર થઇ છે અને પુલિનને એવું કહેવા માટે નીકળી છે કે તારા વગર પણ મારું જીવન,મારું અસ્તિત્વ શક્ય છે તેના દ્યોતક સમાન તેના આ શબ્દો જોઈએ :

પહેર્યા કપડે આ ઘરને તાળું મારીને,મકાનની કૂંચી પણ પેટીમાં મૂકીને,પેટી ઉપાડી એ ચાલી પેલે ઘેર..આ ઘર અને પોતાની જાતને પોતાને હાથે હીણી અને બજારુ બનાવતા સોદાની રકમ પાછી આપી દેવા,એ પગથીયું ઊતરીને સડસડાટ ચાલી નીકળી...(એજન,પૃ.૯૩)

સવિતાનો આ નિર્ણય અનેક સ્ત્રી માટે પ્રેરણાદાયક તો જ છે જ સાથે સાથે તેની વૈચારિક મંથનનું થયેલું આલેખન પણ સૌ કોઈને એક બળ પૂરું પડે છે.આજ જ બાબત છે આ વાર્તાની સ્ત્રીના મહત્વ વિશેની,સ્ત્રીના સશક્તિકરણની.

'બાંધણી'- બિંદુ ભટ્ટ

અનુઆધુનિક યુગનું સાહિત્ય નારીવાદ,દલિતવાદ,શહેરીકરણ અને ગ્રામ્યસંસ્કૃતિ એમ ચાર સ્તંભમાં રચાયેલું છે.ત્યારે આ યુગનાં એક મહત્વના વલણ તરીકે નારીવાદી ગુજરાતી સાહિત્ય આપણને 'સાત પગલા આકાશ'કૃતિ દ્વારા મળે છે.જેમાં વસુધાએ વૈચારિક ભૂમિકાએ લીધેલા એક મહત્વપૂર્ણ નિર્ણયથી તે સમાજમાં અન્ય સ્ત્રીઓ માટે એ પ્રકારના જીવન માટે રોલ મોડેલ બની જાય છે.આવી જ એક વાત બિંદુ ભટ્ટની 'બાંધણી'વાર્તામાં પણ મળે છે. જેનું કથાવસ્તુ આ પ્રમાણે છે : વાર્તા પ્રથમ પુરુષ એક વચનની રીતિએ કહેવાયેલી છે.મુક્તાબા પોતાનાં જીવનમાં ઘણું વેઠીને બેઠા છે એટલે એ પોતાની વિધવા વહુ અને કથક એવી પોતાની વહુ સુધાને વિધવાના કોઈ પણ પરમ્પરિત રિવાજોનું પાલન કરવા દેતા નથી.વાર્તાની શરુઆત આજે મુક્તાબાની કામવાળી ચંચળ કેમ આવી નથી તેના કારણ શોધવાથી થાય છે અને એ કારણ મળતાં વાર્તા પૂર્ણ થઈ જાય છે.દિવાળી નજીક છે અને દિવાળી કે કોઇ પણ તહેવાર હોય તો તો ચંચળ વહેલી આવી જાય પણ આજે તે આવી નથી. એટલે સુધા ઓફિસેથી પરત ફરતાં તેના સમાચાર લેવા તેની પોળમાં જાય છે ત્યાંથી જાણવા મળે છે કે ચંચળનો માત્ર કહેવાનો પતિ(કારણ કે તે સાથે રહેતા હોતા નથી) ઘાસલેટ છાંટી બળી – મરી ગયો અને બધી વિધિ કરવા એ પોતાના સસરાને ગામ ગઈ છે.આ જ ચંચળ બે દિવસ પહેલાં સુધા મુક્તાબાને આ દિવાળીએ રાજી રાખવા પોતાના માટે બાંધણી લાવી હોય છે અને એ જોઈને ચંચળ બોલેલી કે : હેં બા,ભાભીને આ રંગ પેરાય ?(પૃ.૧૮)'અને ત્યારે મુક્તાબા બોલેલા : 'મેર મૂઈ,આવા પાણા પડતા નો મૂક્તિ હો તો ! મને ઈ કે ધણી હોય ઈ હારું કે ધણીનો પ્રેમ ? છતે ધણીએ-'(પૃ.૧૮)ચંચળ બાનું અધૂરું વાક્ય સમજીને બોલેલી કે : 'આમ તો તમારી વાત હાચી પણ દીલપાના બાપાએ મને પેરવા-ઓઢવા જોગી તો રાખી સે!'(પૃ.૧૮-૧૯) અને સાથે સાથે પોતાને બાંધણી હુતરઉમા મળે તો? એવી આશા પણ એણે વ્યક્ત કરેલી.ચંચળની આ ઈચ્છા પૂર્તિ માટે જ મુક્તાબા તેની રાહ જોતા હતા અને એ આવે છે ત્યારે એ વિધવાના વેશમાં આવે છે ત્યારે હળવેકથી મુક્તાબા તેના ખોળામાં બાંધણી મૂકી દે છે ત્યાં વાર્તા પૂર્ણ થાય છે.

આ વાર્તામાં વૈચારિક ક્રાંતિ જોવા મળે છે.મૂક્તાબા જે પોતાના જીવનમાં તડકી છાંયડી જોઈ ચુક્યા છે એટલે પોતાના એકના એક આધાર સમ પોતાના પુત્ર વત્સલને દિવાળીના દિવસોમાં ગુમાવ્યા પછી બધી ખુશી તે સુધામાં શોધે છે અને વિધવા સુધાને કોઈ વાતની ખોટ ન પડે તેનું ધ્યાન રાખે છે. પોતાના દીકરાના દુઃખને દિવાળીના દિવસોમાં ભૂલાવવા ચંચળના દીકરા દિલીપ પાસે ગાંઠિયા મંગાવી આખું વાતાવરણ જ બદલી નાખે ત્યારે આડોશ પડોશ જે કહે છે તેમાંજ મુક્તાબાની સુધા પ્રત્યેની લાગણી સ્પષ્ટ થતી જોવા મળે છે :

"......આ ડોશીની તો સાઠે નાઠી છે.જુવાનજોધ વહુને નિત નવાં કપડાં પેરાવે છે તે શું નાતરે દેવી હશે ?'(બાંધણી'તૃ.આ.પૃ.૧૮)

બીજી બાજુ વિધવા ચંચળનું સમાજના નીતિ નિયમ પ્રમાણે થયેલું વર્ણન જોઈએ તો :

'મેં જોયું એ ઘણી બદલાઈ ગઈ હતી. કંઈક શરીર ભરાણું હતું.વાન પણ ઊઘડ્યો હતો.માથે ઓઢેલા ગળીયેલ રંગના સાડલામાંથી ઊધાલોટા જેવું એનું માથું તગતગતું હતું.હાથમાં પિત્તળની એક એક બંગડી,કોરુંધાકોર કપાળ,દુકાળીયા વરસમાં સીમ આવી જ લાગતી હશે.।(એજન.૨૧)

આ એ જ ચંચળ છે કે જેણે ધણી હોવા માત્રથી જ જીવનનું સુખ લાગતું હતું પછી એ સાથે હોય કે ન હોય તે મહત્વનું નહોતુ.આ જ ચંચળના ખોળામાં જયારે મૂક્તાબા બાંધણી મુકે છે ત્યારનું તેનું વર્ણન તેની આ સમજને માત્ર ચંચળની શા માટે કોઈ પણ વિધવા સ્ત્રીની સમજને બદલાવવા તરફનું રહે છે :

'વિલાયેલા સ્મિત સાથે એણે હાથ ઊંચો કર્યો.એ બાંધણીને ખચકાતો સ્પર્શ કરતો માથાથી ખભા સુધી આવ્યો.એણે ધીરેથી બાંધણી ખોળામાં લીધી.એની તરસી આંગળીઓ ફરી એક વાર ગુલાબી-લીલાની સુંવાળી સપાટી પર સરકતી રહી.એણે રડમસ ચહેરો ઊંચક્યો.એના હોઠ કંઈક કહેવા મથતા હતા.બાએ ધીરેથી એના ખભે હાથ મૂકયો.ચંચળની ભીની ઝાંય ગાલ પર દડી ગઈ.(એજન.૨૨)

મૂક્તાબાનું આ વલણ આ વાર્તાનું વૈચારિક સશક્તિકરણ બને છે.આપણા સમાજમાં વડીલો જ નિયમ અને રીત રિવાજને વળગેલા રહે છે ત્યારે મૂક્તાબાનું સુધા અને ચંચળ પ્રત્યેનું આ વલણ આવકારદાયક બની રહે છે.

સંદર્ભ સામગ્રી :

1.શતરૂપા - સંપાદક:શરીફા વીજળીવાળા ( સંવર્ધિત આવૃત્તિ ૨૦૨૧)
૨.બાંધણી – બિંદુ ભટ્ટ (તૃતીય આવૃત્તિ ૨૦૨૦)